હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ



પુલ ભલે તુટ્યો પણ મારી વાઈફે બનાવેલ મોહનથાળ તુટે તો કહેજો...

છાલા પાસે ઈકોમાં દારૂ-બિયરની ૬૧૩ બોટલ ઝડપાઈ

ચિલોડા પોલીસે દારૂ-બિયર, ઈકોકાર, સહિત રૂ.૩.૬૭ લાખનો મુદ્દામાલ સાથે ડ્રાઈવરની ધરપકડ કરી : અંધકારમાં એક શખ્સ ઉતરીને અદ્રશ્ય થઈ ગયો

ગાંધીનગર, તા.૩૧

છાલા ગામ પાસેથી ચિલોડા પોલીસે બામતીને પગલે ઈકો કારમાંથી વિદેશી દારૂ-બિયરની ૬૧૩ બોટલ ઝડપી પાડી છે. જયારે પોલીસે દારૂ લઈને જઈ રહેલા ડ્રાઈવરને પકડી પાડ્યો હતો. તો બીજીતરફ અંધકારમાં એક શખ્સ ઉતરીને અદ્રશ્ય થઈ ગયો હતો. બનાવ અંગે ચિલોડા પોલીસે દારૂ-બિયર, ઈકોકાર, સહિત રૂ.૩.૬૭ લાખનો મુદ્દામાલ સાથે ડ્રાઈવરની ધરપકડ કરી આગળની તપાસ હાથ ધરી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ ઈકો કારમાં દારૂની હેરાફેરી અંગે પોલીસને બાતમી મળી હતી. જેથી મોતીપુરા તરફથી આવતા માર્ગ પર પોલીસ જવાનો વોચ ગોઠવી ઉભા રહ્યા હતા. જયારે મોતીપુરા તરફથી બાતમીવાળી કાર દેખાતા પોલીસે ઉભી રાખવા માટે ઈશારો કર્યો હતો. જેથી ઈકો કારના ચાલકે થોડી આગળ જઈને કાર રોકી દીધી હતી.

ત્યારબાદ ઈકો કારમાંથી બે શખ્સો ઉતરીને દોટ મુકી હતી. પોલીસે પણ પીછો કરી એક શખ્સને દબોચી લીધો હતો. જયારે એક શખ્સ અંધારાનો લાભ લઈ છુમંતર થઈ ગયો હતો. પોલીસે ઈકો કારમાં તપાસ કરતા ૩૮૩ નંગ દારુની બોટલ તેમજ ૨૩૦ નંગ બિયરના ટીન મળી આવ્યા હતા. પોલીસે પકડાયેલી યુવકનું નામ પુછતા તેણે ધવલ દીપકભાઈ અસારી (ઉ.૨૨ રહે ભુતાવડ કલાસવા ફળીયુ તા.ભિલોડા જી. અરવલ્લી) અને નાસી જનાર શખ્સનુ નામ સંદિપ ઉર્ફે રોકી નીનામા (રહે. ધોલવાની ગામ ભિલોડા) હોવાનું જણાવ્યું હતું. જયારે દારૂનો જથ્થો ભૂતવાડાના રોહિત ખરાડી નામના શખ્સે રાજસ્થાનની પાલીસોડા બોર્ડરથી ભરી આપ્યો હતો. પોલીસે ડ્રાઈવરને પકડી પાડી રૂ. ૩.૬૭ લાખનો દારૂ સાથે એક શખ્સને પકડી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

ખૂણેખાંચરેથી

- ગાંધીનગર શહેર-જિલ્લામાં પ્રવર્તતા હીટવેવને લઈ નગરજનો અને જિલ્લાવાસીઓ પરેશાન છે.
- ગાંધીનગરમાં આજથી ધંધા-રોજગાર ખુલી જતાં અર્થતંત્ર ધબકતુ થયુ છે.
- ૨૧ જય વિધાનસભાની ચૂંટણીની જાહેરાત બુધવારે કે ગુરૂવારે થશે તેને લઈ પાટનગરમાં લોકજીભે ચર્ચાઓ જાગી છે.
- મોરબીની હોનારતનો મુદ્દો પણ આજે ટોક ઓફ ધી ટાઉન હતો.
- ગાંધીનગર શહેરમાં એકતા દોડના પ્રારંભ પૂર્વે પ્રતિજ્ઞાવાંચન સૌએ કર્યુ હતુ તેમજ મોરબી હોનારતમાં જીવ ગુમાવનારાઓને શ્રદ્ધાંજલિ અર્પતા બે મિનિટનું મૌન પળાયુ હતુ.
- ગાંધીનગર શહેરમાં આજે પણ ટ્રાફિકનું ભારણ ઓછુ રહ્યુ હતુ.
- ગાંધીનગર શહેર-જિલ્લામાં કોરોના પ્રિકોશન ડોઝનું અભિયાન સઘન બનાવવા માટેની સૂચનાઓ આપવામાં આવી છે.
- મોરબી હોનારતમાં જીવ ગુમાવનારાઓને શ્રદ્ધાંજલિ અર્પવા આજે કોંગ્રેસ દ્વારા કેન્ડલ માર્ચ યોજવામાં આવી હતી.
- ગાંધીનગર શહેરમાં આજે જલારામ મંદિર ખાતે અન્નકૂટ યોજવામાં આવ્યો હતો અને જલારામ જયંતિની ઉજવણી સાદાઈથી કરવામાં આવી હતી.
- વિધાનસભાની આવી રહેલી સામાન્ય ચૂંટણીને લઈ ટિકિટવાંચ્છુઓ દ્વારા બેઠકોનો ધમધમાટ ચાલી રહ્યો છે.
- સંયુક્ત કર્મચારી મોરચાના આગેવાનોએ સરકારને પત્ર લખી સમાધાનના બાકીના મુદ્દાઓને લઈ પરિપત્રો જારી કરવાની માંગ કરી છે.
- ગાંધીનગર શહેરની સ્ટ્રીટલાઈટો બંધ રહેવાની ફરિયાદો વધી રહી છે ત્યારે તંત્ર કોઈ અસરકારક કાર્યવાહી કરે તેવી માંગ તીવ્ર બની છે.

મહાનગરપાલિકાના કર્મચારી છનાજી વાલોદરા વયનિવૃત્ત થતાં તેમને મહાનગરપાલિકા દ્વારા શુભેચ્છા પાઠવવામાં આવી હતી. આ કાર્યક્રમમાં તેજસ ઠાકર અને ભરતભાઈ વાઘેલા ઉપસ્થિત રહ્યા હતા.

ગાયત્રી પરિવાર દ્વારા રજત જયંતિની ઉજવણીનું આયોજન

ગાંધીનગર, તા. ૩૧

ગાયત્રી શક્તિપીઠ, ગાંધીનગરને ૨૫ વર્ષ પૂરા થયા હોય તેની રજત જયંતિની ઉજવણીના ભાગરૂપે ગાયત્રી શક્તિપીઠ, ગાંધીનગર ખાતે તા. ૨-૧૧-૨૦૨૨ થી તા. ૬-૧૧-૨૦૨૨ સુધી 'શ્રીમદ્ પ્રજ્ઞાપુરાણ કથામૃતમ્'નું આયોજન કરેલ છે. આ પ્રસંગે તા. ૬-૧૧-૨૦૨૨ને રવિવારના રોજ સવારે ૪.૩૦ કલાકે દેવસંસ્કૃતિ વિશ્વવિદ્યાલય, હરિદ્વારના પ્રતિ કુલપતિ પરમ આદરણીય ડૉ. ચિન્મય પંડ્યાજીના વરદહસ્તે શક્તિપીઠમાં સ્થાપિત દેવી-દેવતાઓના વિશેષ પૂજન-અર્ચન સંપન્ન થશે. તો આ કથાનું અમૃતપાન કરવા તેમજ દેવપૂજનમાં પધારવા આપ સૌને ભાવભર્યુનિમંત્રણ પાઠવ્યુંહતું. જેમાં કથાસ્થળ ગાયત્રી શક્તિપીઠ, ગાંધીનગર, સેક્ટર-૧, તા. ૨-૧૧-૨૦૨૨ થી તા. ૬-૧૧-૨૦૨૨, બપોરે ૨.૦૦ કલાકથી સાંજે ૬.૦૦ કલાક સુધી, તા. ૬-૧૧-૨૦૨૨, રવિવાર સવારે શક્તિપીઠ ખાતે ૧૧ કુંડીય ગાયત્રી મહાયજ્ઞનું આયોજન કરેલ છે. પ્રજ્ઞાપુરાણ કથાની પૂર્ણાહૂતિ સાંજે ૫.૦૦ કલાકે થશે.

દહેગામ-નરોડા માર્ગ પર

વડોદરા પાટીયા પાસે આમંત્રણ હોટલ ઉપરથી બાઈકની ચોરી

ગાંધીનગર, તા.૩૧

દહેગામ-નરોડા હાઈ વે માર્ગ પર વડોદરા પાટીયા પાસે આવેલી આમંત્રણ વીલા હોટલના પાર્કિંગમાંથી સ્વીપર તરીકે કામ કરતા યુવકનું રૂ.૭૫ હજારનું સુઝુકી કંપનીનું જીકસર બાઈકની ચોરી થવા પામી છે. બનાવ અંગે પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

દહેગામ ચંદનચોક વાલ્મીકી વાસ ખાતે રહેતા ઉમંગકુમાર જગદીશકુમાર સોલંકી (ઉં.૨૫) વડોદરા પાટીયા પાસે આવેલી આમંત્રણ હોટલમાં સ્વીપર તરીકે કામ કરે છે. જયારે ઉમંગ નોકરી પર આવન જાવન માટે તેની પાસે સુઝીકી કંપનીનું બાઈક નં. જીજે-૧૮-ડીએન-૦૮૬૫ નો ઉપયોગ કરતો હતો. ગઈકાલે સાંજના સાડા ચાર વાગ્યાના અરસામાં આમંત્રણ હોટલ ખાતે યુવક કામ કરવા માટે આવ્યો હતો. હોટલની આગળ પાર્કિંગમાં બાઈક પાર્ક કરી હોટલના વોશરૂમમાં સાફ-સફાઈ કરતો હતો. તે સમયે થોડીવારમાં હોટલમાં કામ કરતા શ્રવણભાઈ મારવાડીએ બુમ પાડી જણાવ્યું કે તમારૂ બાઈક લઈને કોઈ જાય છે. જેથી ઉમંગ તાત્કાલીક દોડીને આવી પહોંચીને બાઈક પાર્ક કરેલી જગ્યા પર ગયો હતો. પરંતુ બાઈક જણાયુ ન હતું. જેથી આસપાસના તપાસ કરતા મારૂ બાઈક મળી આવ્યું ન હતું. જેથી શ્રવણભાઈને પુછતા તેણે જણાવ્યું હતું કે કોઈ ભાઈ તમારુ બાઈક લઈને નરોડા તરફ ગયા છે. જેથી યુવકે બાઈક અંગે આસપાસના વિસ્તારમાં શોધખોળ કરવા છતા મળી ન આવતા યુવકે રૂ.૭૫ હજારના બાઈક ચોરી અંગે પોલીસ મથકે ફરીયાદ નોંધાવી હતી.

ચિલોડા ગ્રામ પંચાયત ખાતે સરદાર વલ્લભભાઈ પટેલની જન્મ જયંતીની ઉજવણી

ગાંધીનગર, તા.૩૧

આજે ૩૧મી ઓક્ટોબર ના રોજ અખંડ ભારતના શિલ્પી સરદાર વલ્લભભાઈ પટેલ ની જન્મ દિવસ નિમિતે રાષ્ટ્રીય એકતા દિવસ ની ઉજવણી અંતર્ગત ચિલોડા ગ્રામપંચાયત ખાતે સરપંચના અધ્યક્ષ સ્થાને ગ્રામસભાનું આયોજન કરવામાં આવ્યું જેમાં પીએલવી નટુભાઈ પટેલે સરદાર વલ્લભભાઈ પટેલે દેશની એકતા અને અખંડિતતાના સ્વાતંત્ર્ય સેનાની લોખંડી પુરુષ સરદાર વલ્લભભાઈના જીવનપ્રસંગો દ્વારા વિશેષ યોગદાનની વાતો યાદ કરાવી એકતાનો સંદેશો વિશે સમજણ પુરી પાડી હતી. અગ્રણી જયમીનપટેલે ગ્રામ વિકાસની ચર્ચા વિચારણા વિમર્શ કરી જાણકારી આપી હતી. આ કાર્યક્રમમાં તલાટી મંત્રી અનિતાબેન વિસ્તરણ અધિકારી ડામોર, આશાવર્ક્સ, આંગણવાડી, પ્રાથમિક શિક્ષક, ગ્રામસેવક, ગામપંચાયત સભ્યો અને ગ્રામજનો હાજર રહ્યા હતા દેશની એકતાદિવસનો ખાસ વિષય પર પ્રવચન આપ્યું હતું

વેકેશનની મજા પૂરી : બજારો ફરી ધમધમ્યા : ૨૦મીથી લગ્નોત્સવ

ડિસેમ્બરની ૧૪મી તારીખે કમુહૂર્તા બેસે તે પૂર્વે આ વર્ષમાં લગ્નના ૧૧ મુહૂર્તો રહેશે

ગાંધીનગર, તા. ૩૧

દિપાવલીના પર્વો મન ભરીને માણ્યા બાદ આજથી બજારોમાં રાબેતા મુજબ ધમધમાટ શરૂ થયો છે. તારીખ ૨૪ દિવાળીથી રજાનો માહોલ હતો. ધોકો, રવિવાર જેવા દિવસોના કારણે અને ચોથ-લાભ પાંચમ ભેગા થઈ જવાના કારણે રજાનું વાતાવરણ અઠવાડિયા સુધી રહ્યું હતું. કેટલાક વેપારીઓએ શનિવારે લાભ પાંચમ ગણી ધંધાનું મુહૂર્ત કર્યુ કેટલાકે શનિવારે અને રવિવાર સુધીની રજા રાખી અને સોમવારે વેપાર-ઉદ્યોગનો શુભારંભ કર્યો હતો. સરકારી કચેરીઓમાં સરદાર પટેલ જયંતિની જાહેર રજા મળતા રવિવાર અને સોમવાર બે રજા ગાળવા મળી. ત્યારે હવે મંગળવારથી સરકારી કચેરીઓમાં રાબેતા મુજબ ધમધમાટ શરૂ થશે. બે-ચાર દિવસમાં જ ચૂંટણીની આચારસંહિતા લાગુ પડવા પાત્ર છે. તારીખ ૨૦ નવેમ્બરથી લગ્નોત્સવની મોસમ શરૂ થઈ રહી છે. કોરોના કાળની બે દિવાળી નબળી ગયા બાદ આ વર્ષે કોરોનામાં રાહત અને સારા વરસાદના કારણે તહેવારોનો માહોલ જામ્યો હતો. જન્માષ્ટમી, ગણેશોત્સવ, નવરાત્રી બાદ દિવાળીમાં બજારોની રોનક દેખાઈ હતી. બજારોમાં અને ફરવાના સ્થળોએ ભારે ભીડ દેખાઈ હતી. લોકોએ ઉત્સાહપૂર્વક

દિવાળી માણી નૂતન વર્ષને વધાવ્યુ હતુ. જોગાનુજોગ સોમવારે જલારામ જયંતિના શુભ દિવસથી વેપાર-ધંધાનો રાબેતા મુજબ શુભારંભ થયો છે. બહારગામ ગયેલા મોટા ભાગના લોકો પરત આવી ગયા છે. શ્રમિકો વતનમાંથી પરત આવવા લાગ્યા છે. નવી આશા અને નવા ઉમંગ સાથે લોકોએ વેપાર, ધંધા, નોકરીનો પુનઃ પ્રારંભ કર્યો છે. દિવાળીના પર્વો પૂર્ણ થતા હવે લગ્નોત્સવની મોસમે દરવાજે ટકોરા માર્યા છે. ૧૯મી ડિસેમ્બરે કમુહૂર્તા બેસે તે પૂર્વે ૨૦૨૨ના વર્ષમાં લગ્નના ૧૧ મુહૂર્તો છે. દિવાળીમાં કમાણી કર્યા બાદ હવે વેપારીઓ લગ્નોત્સવ સાથે જોડાયેલી વ્યવસાયિક પ્રવૃત્તિ કરતા લોકોને લગ્નોત્સવની મોસમનો લાભ લેવાના ઉત્સાહમાં છે. કારતક - માગસર માસના લગ્નના મુહૂર્તોમાં શહેરમાં લગ્નોની લાઈનો લાગશે.

લગ્નના મુહૂર્તો

૨૦ નવેમ્બર રવિવાર, ૨૧ નવેમ્બર સોમવાર, ૨૫ નવેમ્બર શુક્રવાર, ૨૬ નવેમ્બર શનિવાર, ૨૭ નવેમ્બર રવિવાર, ૨૮ નવેમ્બર સોમવાર, ૨ ડિસેમ્બર શુક્રવાર, ૪ ડિસેમ્બર રવિવાર, ૮ ડિસેમ્બર ગુરૂવાર, ૯ ડિસેમ્બર શુક્રવાર, ૧૪ ડિસેમ્બર બુધવાર

સેકટર-૪માં ઘર આંગણે કરતા પાર્કિંગના દબાણો હટાવાની માંગ

ગાંધીનગર, તા. ૩૧

પાટનગરમાં તાજેતરમાં એક કમકમાટીભરી ઘટના બની હતી. જેમાં સે. ૪ ખાતે ઘર પાસે રમતા બાળક પર કારનું ટાયર ફરી વળતા મૃત્યુ થયું હતું. આ ઘટનાથી સમગ્ર વિસ્તારમાં શોકનો માહોલ છે. આવી ઘટના બીજીવાર ન બને તે માટે રહેવાસીઓ દ્વારા ઘર આંગણે જોવા મળતા દબાણો દૂર કરવાની ઉગ્ર માંગણી કરી છે. વોર્ડ નં. ૮ના નગરસેવક આ અંગે ત્વરિત કાર્યવાહિ હાથ ધરે તેવી લોકમાંગણી ઉઠી છે. સે. ૪ થી હનુમાન મંદિરથી મહાદેવ મંદિર સુધી રિંગ રોડ પર મકાનોની ફરતે દબાણો હટાવવાની જુંબેશ ત્વરિત કરવા માંગ કરી હતી.

સરદાર પટેલની જન્મજયંતિ એ ગૂજરાત વિદ્યાપીઠ રાંધેજા દ્વારા પુસ્તક પ્રદર્શન

ગાંધીનગર, તા.૩૧

ગૂજરાત વિદ્યાપીઠ અમદાવાદ સંચાલિત મહાદેવ દેસાઈ ગ્રામસેવા સંકુલ રાંધેજાના ગ્રંથાલયમાં સરદાર વલ્લભભાઈ પટેલની ૧૪૭ મી જન્મજયંતીની ઉજવણી પુસ્તક પ્રદર્શન દ્વારા ઉજવવામાં આવી હતી. આ પ્રદર્શનમાં સરદાર વલ્લભભાઈ પટેલના પુસ્તકો જેમાં ગુજરાતી, હિન્દી અને અંગ્રેજી ભાષાના પુસ્તકો ગોઠવવામાં આવ્યાં હતાં. જેનો લાભ સંકુલના વિદ્યાર્થીઓ અને સેવક મિત્રોએ લીધો હતો. પુસ્તક પ્રદર્શનનું આયોજન સંકુલના સંયોજક ડો રાજીવભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ ગ્રંથાલય વિભાગના સેવક ડો ભરતભાઈ પરમાર, ચિરાગ પરમાર અને બિનલબેન શ્રીમાળી દ્વારા પુસ્તકોનું પ્રદર્શન કરવામાં આવ્યું હતું

ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ
ગાંધીનગર સમાચાર
ફોન - ૨૩૨૨૨૫૭૧, ફોન - ૨૩૨૩૭૫૭૧

રાંધેજા બોરડીના ભેલાણ મુદ્દે બે ભાઈઓ વચ્ચે મારામારી

એક ભાઈએ બીજા ભાઈને પગે ટીંચણ નીચે ઉંધુ ધારીયુ મારતા ઈજા

ગાંધીનગર, તા.૩૧

ગાંધીનગરના રાંધેજા ગામે ડોશીમાના જોડીયા ખેતરમાં બોરડીના ખેતરમાં બકરા ભેલાણ કરતા હતા. જેથી એક ભાઈએ બીજા ભાઈને બકરા ભેલાણ કરતા હોવાની વાત કરતા ઉગ્ર સ્વરુપ ધારણ કરીને ભાઈને પગના નીચેના ભાગે ઉંધુ ધારીયુ મારતા ઈજા પહોંચી હતી. જયારે બે ભાઈઓ ઝઘડતા હોવાથી અન્ય વ્યકિતઓ આવી પહોંચતા મામલો થાળે પાડ્યો હતો. રાંધેજા ગામે અંબાજી માતાના મંદિર પાસે રહેતા ધર્મેન્દ્રભાઈ ભીખાભાઈ પટ્ટણી (ઉં.૪૦) પરિવાર સાથે રહે છે અને છુટક મજુરી કરી ગુજરાન ચલાવુ છું. રાંધેજા વિદ્યાપીઠ જીઈબી બોર્ડ પાસે ફરીયાદીના સાત ભાઈઓની મજીયારી જમીન આવી છે જેમાં બોરડીઓ આવેલી છે. ધર્મેન્દ્રભાઈ પોતાના ખેતરમાં પશુઓ અને બોરડી હોવાથી દેખરેખ રાખવા માટે ગયો હતો. જયારે ખેતર પર અન્ય નગીનભાઈ ભીખાભાઈ દંતાણી તેમના પત્ની રમીલાબેન બકરા ચરાવતા હતા. ધર્મેન્દ્રભાઈની બોરડીને બકરા નુકશાન કરતા હોવાથી તેમના ભાઈને કહેતા તે ઉશ્કેરાઈ જઈને ઝઘડો કરી ગંદી ગાળો બોલવા લાગ્યા હતા. ધર્મેન્દ્રભાઈને ગાળો બોલવાની ના પાડતા તે ઉશ્કેરાઈ જઈ તેના હાથમાં લાકડાની દાંતી લઈ આવી ધર્મેન્દ્રને પગના ઘુંટણની નીચે મારતા ઈજા પહોંચી હતી. બે ભાઈઓ વચ્ચે મારામારી થતા રમીલાબેન વચ્ચે પડીને વધુ મારમાંથી છોડાવ્યા હતા. ત્યારબાદ નગીનભાઈ આજે તો તુ બચી ગયો છુ હવે પછી બોરડીઓ અંગે વાત કરીશ તો જાનથી મારી નાંખીશ તેમ કહી જતા રહ્યા હતા. ઈજાગ્રસ્તને સારવાર માટે ૧૦૮ દ્વારા ગાંધીનગર સિવિલ ખાતે ખસેડાયા હતા.જયારે બનાવ અંગે પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

સેકટર-૧ ઉમાંથી સ્પ્લેન્ડર બાઈકની ચોરી

શહેરમાંથી પહેલા ભરચક જગ્યા પરથી વાહનની ઉઠાંતરી થતી હતી. હવે ઘર પાસે પાર્ક કરેલા વાહનો પણ આંખના પલકારામાં ચોરાઈ જાય છે. સેકટર-૧૩ બી પ્લોટ નં. ૯૫૫-૧ ખાતે મુળ ખેડબ્રહ્માના ગલોડીયા ગામના દર્શ ધીરાભાઈ પટેલ પોતાના માસીના દિકરા સાથે ઉપરોકત સરનામે ભાડે થી રહે છે.જયારે દર્શ કડી પાસે ચડાસણા ગામે સેરમેટ કંપનીમાં સાઈટ મેનેજર તરીકે ફરજ બજાવે છે. જે પોતાના અંગત ઉપયોગ માટે તેમજ નોકરી પર આવન જાવન માટે બાઈક નં. જી.જે.૦૯.સી.વી.-૮૫૮૩ ઉપયોગ કરતો હતો. ગત તા. ૨૯ ના રોજ રાત્રીના સમયે ઘર પાસે લીમડાના ઝાડ નીચે બાઈક પાર્ક કર્યુ હતું.બીજા દિવસે સવારે દર્શ દુધ લેવા માટે શોંપીગ સેન્ટર ખાતે ગયો હતો.તે સમયે બાઈક પાર્ક કરેલી જગ્યા પર હતું. પરંતુ બપોરે ટીફીન લેવા માટે યુવક ગયો હતો. તે સમયે જોયુ તો બાઈક પાર્ક કરેલી જગ્યા પર ન હતું. જેથી યુવકે પોતાના માસીના દિકરાને બાઈક પાર્ક કરેલી જગ્યા પર નથી તેવી વાત કરી હતી. જેથી બંન્ને જણાએ સેકટર તેમજ આસપાસના વિસ્તારમાં બાઈક અંગે શોધખોળ કરી હતી.પરંતુ બાઈક ક્યાંય મળી ન આવતા યુવકે સેકટર-૭ પોલીસ મથકે ફરીયાદ નોંધાવી છે.

REQUIRED ACCOUNTANT
Education Qualification
B.com/M.com
Experience Required
3 to 5 years in accounting and pay roll
Salary Offered
As per industry standard and negotiable for eligible candidate
Job Location – Gandhinagar, Gujarat
Share your resume on kyc.prescott@gmail.com and please mention the vacancy name while e-mailing your resume

REQUIRED ACCOUNTANT
Education Qualification
B.com / M.com
Experience Required
1 to 2 years in accounting and payroll
Salary Offered
As per industry standard and negotiable for eligible candidate
Job Location
Gandhinagar, Gujarat
Share your resume on kyc.prescott@gmail.com and please mention the vacancy name while e-mailing your resume.